6/101

**2703E1382**

Candidate's Seat No :__________

**B.A. Semester-5 Examination**

**CC 304**

**Gujarati (EA)**

**March-2024**

**Time : 2-30 Hours]** **[Max. Marks : 70**

---

**નોંધ : જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ સૂચવે છે.**

પ્રશ્ન. ૧. સરોજ પાઠકનાં જીવન અને સાહિત્ય સર્જનનો પરિચય આપો. (૧૪)

અથવા

પ્રશ્ન. ૧. વાર્તાકાર તરીકે સરોજ પાઠકનું મૂલ્યાંકન કરો.

પ્રશ્ન : ૨ 'સરોજ પાઠકની શ્રેષ્ઠવાર્તાઓ'માંથી અભ્યાસક્રમમાં નિયત વાર્તાઓમાંથી તમને પ્રિય કોઇપણ એક વાર્તાનું નવલિકાના લક્ષણોને આધારે મૂલ્યાંકન કરો. (૧૪)

પ્રશ્ન. 3 . ટૂંકનોંધ લખો ( કોઈપણ બે ) (૧૪)

અ. 'સારિકા પંજરસ્થા' વાર્તાની શિર્ષક યોગ્યતા

બ. 'ન કૌંસમાં, ન કૌંસ બહાર' વાર્તાની નાયિકા શુચીનું પાત્રાલેખન

ક. 'સૌગંધ' વાર્તાનું વસ્તુ

ડ. 'ધ્વન્યાર્થ' વાર્તાનો અંત

પ્રશ્ન : ૪ કોઈપણ એક કાવ્યનું રસદર્શન કરાવો (૧૪)

'વળાવી બા આવી'

રજાઓ દિવાળી તણી થઈ પૂરી ને ઘર મહીં
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની.
વસેલાં ધંધાર્થે દૂર સુદૂર સંતાન નિજનાં
જવાના કાલે તો, જનકજનની ને ઘર તણાં
સદાનાં ગંગામાસ્વરૂપ ઘરડાં ફોઈ – સહુએ
લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઈ ગયાં.

P.T.O

 E1382-2

સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઉપડ્યા,
ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું,
બપોરે બે ભાઈ અવર ઊપડ્યા લેઈ નિજની
નવોઢા ભાર્યાઓ પ્રિયવચનમંદસ્મિતવતી,
વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ,
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથીયે.

----- ઉશનસ્ ---

અથવા

'કૃષ્ણ-રાધા'

આ નભ ઝૂક્યું તે કાનજી
ને ચાંદની તે રાધા રે ,
આ સરવલ જલ તે કાનજી
ને પોયણી તે રાધા રે ,
આ બાગ ખીલ્યો તે કાનજી
ને લેહરી જતી તે રાધા રે,
આ પરવત-શિખર તે કાનજી
ને કેડી ચડે તે રાધા રે,
આ ચાલ્યાં ચરણ તે કાનજી
ને પગલી પડે તે રાધા રે ,
આ કેશ ગૂંથ્યા તે કાનજી
ને સેંથી પૂરી તે રાધા રે,
આ દીપ જલે તે કાનજી
ને આરતી તે રાધા રે,
આ લોચન મારાં કાનજી
ને નજરું જુએ તે રાધા રે !

પ્રિયકાન્ત મણિયાર

પ્રશ્ન : ૫. **યોગ્ય વિકલ્પ શોધો. ( કોઈપણ સાત )** (૧૪)

૧. સરોજ પાઠકનો જન્મ કયારે થયો હતો ?

(અ) ૧-૬-૧૯૨૯ (બ) ૧-૫-૧૯૨૯ (ક) ૧-૭-૧૯૨૮ (ડ) ૧-૬-૧૯૩૦

૨. સરોજ પાઠકનો પ્રથમ વાર્તાસંગ્રહ કયો છે ?

(અ) તથાસ્તુ (બ) પ્રેમ ઘટા ઝૂક આઈ (ક) વિરાટ ટપકું (ડ) હુકમનો એક્કો

3. 'માફ કરજો, મારાથી હવે અહી કામ નહીં થાય !'- આ ઉક્તિ કોણ બોલે છે ?

(અ) વીરજી (બ) સંબલ (ક) નિમ્મુ (ડ) ઈશુ

૪. સરોજ પાઠકની ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત નવલકથા કઈ ?

(અ) નાઈટમેર (બ) ટાઈમબોમ્બ (ક) વન્સમોર (ડ) ઉપનાયક

૫.. ' મારા ચરણકળણમાં એટલે એક્સ્ટસી' નો નાયક વાર્તાના અંતે કયું પગલું ભરે છે ?

(અ) આત્મહત્યા (બ) ઘર છોડી દેવું (ક) ખૂન કરવું (ડ) સાધુ બની જવું

૬ . સરોજ પાઠકની પ્રયોગશીલ વાર્તાનું ઉત્તમ ઉદાહરણ કઈ વાર્તા છે ?

(અ) રાનાપીલીવાનીજા (બ) સૌગંધ (ક) શો જવાબ (ડ) કોને કહું ? કેમ કહું ?

૭. સુશ્રી કઈ વાર્તાની નાયિકા છે ?

(અ) દુશ્ચક્ર (બ) કોને કહું? કેમ કહું? (ક) સ્વયંવર (ડ) પોસ્ટ-મોર્ટમ

૮. સરોજ પાઠક વ્યવસાયે શું હતા ?

( અ) ડૉક્ટર (બ) વકીલ (ક) અધ્યાપક (ડ) નર્સ

૯. આમાંથી કયો સરોજ પાઠકનો વાર્તાસંગ્રહ નથી ?

(અ) મારો અસબાબ (બ) તથાસ્તુ (ક) લિખિતંગ (ડ) હું જીવું છું

૧૦.પૂરબી અને સંબલ કઈ વાર્તાના પાત્રો છે ?

(અ) શો જવાબ ? (બ) સારિકા પંજરસ્થા (ક) સૌગંધ (ડ) કોને કહું? કેમ કહું?

૧૧. સરોજ પાઠક કયા યુગના સમર્થ વાર્તાકાર છે ?

( અ) સુધારક (બ) પંડિત ( ક) ગાંધી (ડ) આધુનિક

૧૨. સરોજ પાઠકના પતિનું નામ શું છે ?

(અ) રમણભાઈ (બ) મહેશભાઈ (ક) જગદીશભાઈ (ડ) જયેન્દ્રભાઈ

P.T.O

**2703E1382** -૫ Candidate's Seat No :________

**B.A. Semester-5 Examination**

**CC 304**

**Gujarati (EB)**

**March-2024**

**Time : 2-30 Hours]** **[Max. Marks : 70**

પ્રશ્ન.1 સાહિત્યના ક્ષેત્રે અનુવાદનું મહત્વ સ્પષ્ટ કરી, અનુવાદકના મુખ્ય ગુણોની ચર્ચા કરો. 14

અથવા

પ્રશ્ન.1 અનુવાદ સંજ્ઞા સમજાવી, અનુવાદક સામેના પડકારોની ચર્ચા કરો.

પ્રશ્ન.2. 'માટીનો માનવી' નવલકથાની કથાવસ્તુ સવિસ્તાર આલેખો. 14

અથવા

પ્રશ્ન.2 'માટીનો માનવી' નવલકથાના સ્ત્રીપાત્રોનો વિગતે પરિચય કરાવો.

પ્રશ્ન.3 વિવેચનાત્મક નોંધ લખો. ( કોઈ પણ બે ) 14

1. માટીનો માનવી'માં સમાજચિત્ર.
2. 'માટીનો માનવી' શીર્ષકનું ઔચિત્ય સ્પષ્ટ કરો
3. 'માટીનો માનવી'માં કૌટુંબિક સંઘર્ષ.
4. 'માટીનો માનવી'માં બરજુ પધાનનું પાત્ર.

પ્રશ્ન.4 કોઈ પણ એક કાવ્યનું રસદર્શન કરો. 14

1. ટચલી આંગલડીનો નખ
   લટમાં પરોવી હું તો બેઠી સજન !
   મુને એકવાર કાગળ તો લખ;
   કૂપળ ગોતું ને જડે ઝાકળનું ઝૂમખું,
   વ્હાલમજી બોલ, એવા અંજળનું નામ શું?
   ચૂમી ચૂમીને કરી એંઠી, સજન !
   હવે લૂછી દે પાંપણનાં દખ.
   છાતીમાં સૂનમૂન પાળ્યાં પારેવડાં,
   પાતળિયા પૂછ,એના પડછાયા કેવડા?
   છાલક ના જાય જરી વેઠી, સજન!
   મને ધોળી દે ધૂઘવતાં વખ.

   \- વિનોદ જોશી

E1382-5

2. કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે,
મૂઈ રે એની મ્હેક, કલેજે દવ ઝાઝેરો લાગ્યો રે.
બાવળિયાની શૂળ હોય તો ખણી કાઢીએ મૂળ,
કેર થૉરના કાંટા અમને કાંકરિયાળી ધૂળ;
આ તો અણદીઠાનો અંગે ખટકો જાલિમ લાગ્યો રે,
કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે!
તાવ હોય જો કડો ટાઢિયો કવાથ કુલડી ભરીએ,
વંતરિયો વળગાડ હોય તો ભૂવો કરી મંતરીએ,
રૂંવે રૂંવે પીડ જેની એ તો જડે નહીં કહીં ભાગ્યો રે,
કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે !

- રાજેન્દ્ર શાહ

પ્રશ્ન.5 યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. ( કોઈ પણ સાત ) 14

- 1. જે ભાષામાં અનુવાદ કરવાનો છે તે ભાષાને શું કહેવાય ?

(લક્ષ્ય ભાષા Target Language, મૂળ ભાષા saurce Language, વાચક ભાષા Reader Language)

- 2. સેંટ જેરોમ ધર્મગ્રંથો અને મંત્રોનો અનુવાદ કઈ રીતે કરવાનું કહે છે? (શબ્દસ:,અર્થસ: ભાવસ:)
- 3. 'માટીનો માનવી' નવલકથાનો અનુવાદ કઈ ભાષામાંથી કરવામાં આવ્યો છે ?

( ઉડિયા, બંગાળી, તમિલ )

- 4. 'માટીર મણિષ' મૂળ ઉડિયા નવલકથાના લેખક કોણ છે ?

(કાલિન્દીચરણ પાણિગ્રહી, કાન્હુચરણ મોહંતી, ફકીરમોહન સેનાપતિ )

- 5. 'માટીનો માનવી' નવલકથાના એક મહત્વના પુરુષપાત્રનું નામ ?

( શામુ પધાન , નિતાઈ મહારાણા, ઘનશ્યામ પરીડા )

- 6. શામુ પધાનની પત્નીનું નામ શું છે ? ( રામી , શારદા, નેત્રમણિ )

- 7. પધાનપાડા જનપદની ગ્રામદેવી કોણ છે ? ( મંગલામા, દશામા, દુર્ગામાતા )
- 8. 'કેમ અલ્યા! શામલો શું મરી પરવાર્યો ? આ વિધાન કોણ બોલે છે ? (શામુ, હરિ મિશ્ર, પોલીસ )
- 9. 'કેમ અલી પોરી ઘરમાં મારે ભલેને કાંઈની હોય, તેથી શું થિયું ?

– આ વિધાન કઈ બોલીમાં છે ? ( પટ્ટણી, સોરઠી, સૂરતી )

- 10. 'કેમ રે, ગામની માટી કાંઈ ગંધાઈ ઊઠી કે શું'?શામુ આ વિધાન કોને કહે છે?

P.T.O

E1382-6

( હરિ મિશ્ર, છકોડી, બરજુ )

- 11. ઓરિસ્સામાં ભૂલથી કોઈને પગ અડી જાય તો શું કહેવાનો રિવાજ છે ?

( શિવશિવ, વિષ્ણુ , સૉરી )

- 12.'બધા જ માણસોમાં પારસમણિ છે, સ્પર્શ કરાવી શકીએ તો બધાં જ લોઢાં સોના થઇ શકે' – આ વિધાન કોનું છે ?

( શામુ, લેખક, ગાંધીજી )